# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૭૩ • તા. ૨ ઑગસ્ટ થી ૮ ઑગસ્ટ ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


## કેડીઓ જ્ઞાતિએ સર્જ્યો નવો ઈતિહાસ





## ભુજ સંઘ દ્વારા ચાર મહિનામાં કરાયું

# અતિથિગૃહનું લોકાર્પણ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સુખની શોધ

સુખ એટલે શું? એની વ્યાખ્યા પ્રત્યેક વ્યક્તિના અલગ અલગ હોવાની. સૌની દ્રષ્ટિમાં સુખ એટલે શારીરિક સારું સ્વાસ્થ્ય, ભૌતિક સુખ સગવડ, ધનની રેલમછેલ. કોક માટે સુખ એટલે રહેવા માટે પોતાનો આવગો બંગલો, તો કોઈક માટે સ્કાયસ્કેપર બિલ્ડીંગના ટોચને માળે ફ્લેટ હોવો, તો કોઈકને માટે જીંદગીભર ગુજારા માટે કાળી મજૂરી પછી પાછલી અવસ્થામાં નિરાંતનો માહોલ. આમ દરેકની દ્રષ્ટિએ સુખ પામવાની અલગ પરિસ્થિતિ અનેક કલ્પના હોવાની.

મહાનગરની ભાગ દોડ ભરી જિંદગીમાં સવારના વહેલી લોકલ ટ્રેન પકડી મોડી રાતે ઘેર પહોંચનારને ક્યારે નિરાંત માણવા મળે એ સુખની પળ પોતાની ક્યારે મળશે એની એષણા હતી. ત્યારે પાંચ વર્ષ અગાઉ સમગ્ર દેશમાં કોરોનાના કેરમાં લોકલ ટ્રેન, બસ, રીક્ષા ઈવન બજાર, સ્કૂલ, મંદિર, મસ્જિદ ઘણા સમય સુધી બંધ રખાયા. દેશના એક એક નાગરિકને આમ ઘરે રહેવાનો ચોવીસ કલાક ઘરમાં જ કેદ રહેવાનો માહોલ મળ્યો. ત્યારે શરૂઆતમાં સૌને નિરાંત આરામની પળો મળવાનું સુખ લાગ્યું. પણ પછી આ સુખનો સમય પણ આકરો પડવા લાગ્યો. આમ પહેલાં નિરાંત-આરામની પળો માણવા મળે તો સુખ લાગતું હતું. એ પછી સતત નવરાશની પળો મળી. પરિવાર સાથે ક્યારે ન રહેવા મળ્યું હોય એવો માહોલ મળ્યો ત્યારે આ સુખ આકરું લાગ્યું. સજા રૂપી થઈ ગયું. આમ આવી રીતે સુખની શબ્દાવલી પ્રત્યેક ઘડીએ સૌને માટે અલગ અલગ થવાની.

હકીકતે સમજીએ તો સવારના પહોરમાં સૂર્યના કિરણો અવની પર આવે ત્યારથી પ્રામાણિક રીતે વિચારીએતો દરરોજ આપણને કેટલાં બધાં નાના મોટા સુખ આપી દિવસ દરમ્યાન મળતાં રહે છે. અતિ મોટું જો સુખ હોય તો એ છે કે અનિત્ય સંસારમાં આપણને આજનો દિવસ જોવા મળ્યો અને જીવવા મળ્યો. પથારીમાંથી ઉઠ્યા બાદ આપણી મોટાભાગની જરૂરિયાતો વિના વિઘ્ને સંતોષતી રહી આ પણ એક જાતનું સુખ નથી શું? આપણે અન્યો પાસેથી સુખ મળે, સંતોષ મળે એ અપેક્ષા રહેવાની પણ આપણે પણ એમને સુખ આપવાનો છે એ ફરજ ભૂલી જતાં હોઈએ છીએ. મોટાભાગના લોકો આ ફરજ યાદ રાખતા નથી. આ માત્ર લેવાના અધિકારી થયા આપવાના નહીં એવું થયું.

આપણા પરિવારજનો પત્ની કે પુત્રી આપણને વગર માંગે જોઈતું આપે, ચા-નાસ્તો જમવાનું આપો આપ પીરસી દે ત્યારે ક્યારે એમને પણ અણધાર્યો આંચકો આપી તેમની ખિદમત કરીએ તો તેમને કેટલો આનંદ સુખ મળે? આ અવળી ગંગા જો વહે તો તેમના દિલમાં કેવો આનંદ પ્રસરે અને એમને આનંદિત જોઈને આપણને પણ સુખની પળો માણવા મળે. આમ આ ઘટના ભલે નાની લાગતી હોય પણ એની અસર અઢળક મળે. માત્ર પૈસા મળવો આનંદ નથી ભોગ, વિલાસએ પણ સુખ નથી. અન્યના ચહેરા પર આપણા કારણે મલકાટ જોવા મળે એ પણ એક જાતનું સુખ છે. એ ભાવના કેળવીએ તો પ્રત્યેક પળે આપણને સુખ મળતું રહેવાનું.

– જયજ્ઞાતિમૈયા

# ડરની ભૂતાવળનો બોજો ન રાખો

કંઈ નોખું-અનોખું કરવું હોય ત્યારે જે લોકો નેગેટિવ સ્વભાવના હોય એનાથી દૂર જ રહેવું. નવું કંઈક કરવું હોય ત્યારે આપણી પ્રકૃત્તિને નબળી પાડે એવા લોકોનો સંગાથ કરવો નહીં. સંગ એવો રંગ કેટલાક લોકો એવા હોય છે જે પોતે તો કંઈ ન કરે તો આપણે પણ કંઈ કરતા હોય તેને પણ કરવા ન દે. એવડો મોટો ભય પેદા કરી દે એટલા બધા ડરાવી દે કે આપણે વિચારતા થઈ જઈએ. ભય વિષય એવો છે કે માણસ વાસ્તવિક ભય કરતાં કાલ્પનિક ભયથી વધુ થરથરતો હોય છે. મોટા ભાગના ડર આપણે ખોટા વિચાર, ખોટી કલ્પના કરીને પેદા કર્યા હોય છે. ભૂત હોતું નથી પણ ઘણાએ ભૂતની કલ્પના કરીને તેના વિષે સતત વિચાર કરીને ભૂતની ભૂતાવળ ઊભી કરી દઈએ છીએ અને ભયથી કંપી ઉઠીએ છીએ.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ડર, ભય, ચિંતા, ઉપાધિ ક્યારેક માણસ પર સ્વાર થઈ જાય છે. ત્યારે તે સતત ફડફડાટમાં જીવતો હોય છે. સતત ફડકમાં રહીને આમ થશે, તેમ થશેના ખોટા વિચારથી ભયભીત રહેતો હોય છે. નેગેટિવ વિચારને કારણે પોઝીટિવ વિચારને પણ બ્રેક લાગે છે અને ઉત્સાહમાં ઓટ આવી જાય છે. સતત ભયમાં રહેતો વ્યક્તિ જિંદગી જીવવાની સાચી મજા ગુમાવી દે છે એ હકીકત છે. સતત ડરને લીધે ડર આપણો સ્વભાવ બની જાય છે. ડર માણસની શક્તિને મર્યાદિત કરી નાખે છે જાણે કે સ્પીડ બ્રેકર. ડરને લીધે માણસનો પોતાની પરનો ભરોસો રહેતો નથી. કંઈક નવું કરતાં પહેલાં કંઈક અઘટિત થવાના ભયમાં જીવે છે.

માણસ મોટા ભાગે ખોટો ડરતો હોય છે. એમ કંઈ નથી જઈ જવાનું જ્યારે અઘટિત થઈ જાય ત્યારની વાત ત્યારે. પહેલાથી ડરવાની કંઈ જરૂર હોતી નથી કુદરતને માણસને બુધ્ધિ સાથે બળ આપેલ છે. જિંદગીમાં જ્યારે કોઈ મુસીબત આવવાની હોય ત્યારે તેની સામે લડવાની શક્તિ કુદરતે આપણને આપી જ છે. આ શક્તિ અઘટિત પળોમાં ખીલી ઊઠે છે. ભયના રાક્ષસને ખોટા વિચાર કરીને અને સતત કરીને મોટો હાઉ સર્જી દઈએ છીએ. આપણે પોતે જ પેદા કરેલા બયના રાક્ષસથી આપણે ડરતા રહીએ છીએ.

હકીકતમાં ડર જેવું કંઈ હોતું નથી. ડર એ તો માત્રને માત્ર આપણી કલ્પના છે. અગાઉ આપણા અભ્યાસ પાઠ્યક્રમમાં આવેલ મર્મજ્ઞ કવિની કાવ્ય પંક્તિને યાદ કરીએ. જેમાં તેમણે લખ્યું હતું કે 'વા વાયેથી નળિયું ખસ્યું, તે દેખીને કૂતરું ભસ્યું, કોઈ કહે મેં દીઠો ચોર, બહુ થયો ત્યાં શોર બકોર'. આમ ખોટી કલ્પના ખોટો ભય માણસ તો શું પશુ પક્ષીનું પણ જીવવું હરામ કરી દે છે. કલ્પિત ભયને આપણે એટલો મોટું કરી દઈ એ છીએ કે એમાં પછી એટલા અટવાઈ રહીએ છીએ. એટલું ધ્યાન રાખવું કે સાવચેતી દરેક પ્રકારની રાખવી પણ ખોટો ડર કદિ પણ ન રાખવો. મુશ્કેલીઓની અગાઉથી કોઈ કલ્પના ન કરો પણ તૈયારી પૂરેપૂરી રાખો. જ્યાં સુધી મુશ્કેલી ન આવે ત્યાં સુધી તેના વિષે વિચારો ન કરો. પડશે તેવા દેવાશે એ નીતિ રાખો અને એ મુજબ જીવન જીવો.'


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# માત્ર ચાર મહિનામાં વર્ધમાનનગર-કચ્છ મધ્યે
# ''કે.ડી.ઓ. ભવન''નું સ્વપ્નું સાકાર થયું

## વર્ધમાનનગરમાં જ્ઞાતિનાં ૭૭ પરિવારો વસે છે જણ સંખ્યાં ૨૩૦ છે



**શ્રી ગુણોદય - મુક્તિ - જય - ગુણઆશિષે**

શાસન પ્રભાવિકા પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. ની પાવન સ્મૃતિમાં

ખાનદેશરત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ની પાવન પ્રેરણાથી

**માતુશ્રી દેવકુંવરબેન ડૉ. મેઘજી વેલજી ધરમશી**

કુ. ડૉ. ઉર્વશીબેન, કુ. પ્રિયવંદાબેન, કુ. વિધાતાબેન, કુ. તક્ષશિલાબેન

(ગોરખડી) તાડદેવ

તરફથી આ કે.ડી.ઓ. ભવન નિર્માણ કાર્ય માટે અનુદાન મળેલ છે.

॥ શ્રી વિમલનાથાય નમ : ॥ ॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥ ॥ શ્રી શીતલનાથાય નમ : ॥

# વર્ધમાનનગર કચ્છ મધ્યે કે.ડી.ઓ. ભવન ખુલ્લું મુકાયું

## :: દિવ્ય કૃપા ::

રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.

તપસ્વી, રત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.

પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

## :: પુણ્યપ્રભાવક, સામ્રાજ્ય આશિર્વાદ::

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

## :: શુભાશિર્વાદ ::

પ.પૂ.આ. ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

## :: પાવનકારી શુભ નિશ્રા ::


પ.પૂ. ઉપાધ્યાય શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.

પ.પૂ. પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા.

પ.પૂ. મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા.

## :: શુભાશિર્વાદ ::

પ.પૂ. ગણિવર્યશ્રીઓ, પ્રવર્તકશ્રીઓ, શ્રમણ-શ્રમણીવૃંદ



# ડો. મેઘજી વેલજી ધરમશી કે.ડી.ઓ. ભવન

## વર્ધમાનનગર–કચ્છના મુખ્યદાતાશ્રી

શ્રી ગુણોદય–મુક્તિ–જય–ગુણ આશિષે

શાસન પ્રભાવિકા પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પાવન સ્મૃતિમાં

ખાનદેશરત્ના પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પાવન પ્રેરણાથી

# માતુશ્રી દેવકુંવરબેન ડો. મેઘજી વેલજી ધરમશી

## કુ. ડો. ઉર્વશીબેન, કુ. પ્રિયંવદાબેન, કુ. વિધાતાબેન, કુ તક્ષશિલાબેન ગોરખડી–તાડદેવ તરફથી કે.ડી.ઓ. ભવન માટે અનુદાન મળેલ છે.






માતૃશ્રી દેવકુંવરબેન ડો. મેઘજી વેલજી ધરમશી કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર–કચ્છનાં મુખ્ય પ્રવેશદ્વારનું વાજતે–ગાજતે ઉદ્‌ઘાટન શ્રી મનીષભાઈ બી. લોડાયાએ કર્યું હતું.

### કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છનાં મુખ્ય હોલનાં દાતાશ્રીઓ

# મંજુ-લક્ષ્મી વિવિધ લક્ષી હોલ

**:: પાવન પ્રેરણા :: અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ. ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ના ૨૫ માં રજત વર્ષીતપની અનુમોદના અર્થે સાહેબજીની પ્રેરણાથી**

**શ્રીમતિ મંજુલાબેન લહેરચંદ લખમશીં નાગડા –કોઠારા–મુલુન્ડ**

**હસ્તે અ.સૌ. ભાવનાબેન મણિલાલ લોડાયા • અ. સૌ. નમીતાબેન વિશાલ લોડાયા**

**ચિ. નિધી, ચિ. ફિયોની – વાશી–નવી મુંબઇ**

**માતૃશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશીં લોડાયા–આરિખાણા–મુલુન્ડ**

**અ.સૌ. કલ્પનાબેન સોમચંદભાઇ લોડાયા • અ.સૌ. ડાયનાબેન ચંદ્રેશ લોડાયા**

**• અ.સૌ.શીતલબેન તેજશ શાહ • ચિ. ખુશી–સનાયા–વિહા–વામીકા**












**મંજુ–લક્ષ્મી વિવિધ લક્ષી હોલનું ઉદ્‌ઘાટન સોમચંદભાઇ વેલજી લોડાયા તથા મણિલાલભાઇ રાયચંદ શાહ પરિવારજનોએ વાજતે–ગાજતે કર્યું હતું.**

### કે.ડી.ઓ. ભવન રૂમ નં. ૧ ના દાતાશ્રી

# કુસુમ હરીશભાઈ ધરમશીં - સુથરી-મુલુન્ડ મુંબઈ


















**રૂમ નં. ૧ કુસુમ હરીશભાઈ ધરમશી સુથરી–કચ્છ પરિવાર વતી વર્ધમાનનગરમાં રહેતા સુથરી ગામવાસી પરિવારો તથા સુથરીની નિયાણી બહેનોએ રૂમને ખુલ્લું મુક્યું હતું.**

## કે.ડી.ઓ. ભવન રૂમ નં. ૨ ના દાતાશ્રી

# માતુશ્રી હીરાબેન ડુંગરશીં વિસનજી મોમાયા
# હસ્તે પ્રીતિબેન મોમાયા ગામ સાંયરા-કચ્છ હાલે ભુજ


















રૂમ નં. ૨ હીરાબેન ડુંગરશીં વિશનજી મોમાયા પરિવાર સાંયરા–કચ્છ
હસ્તે પ્રિતિબેન ડુંગરશીં મોમાયા હાલે ભુજએ રૂમને ખુલ્લું મુક્યું હતું.
ઉદયભાઇ વિકમશી, રચનાબેન વિકમશી તથા સાંયરા વાસીઓ સાથે રહ્યા હતા.

## કે.ડી.ઓ. ભવન રૂમ નં. ૩ ના દાતાશ્રી

પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતશ્રીનાં સુશિષ્યા પ.પૂ. સાધ્વી ભગવંત શ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના સુશિષ્યા દીર્ઘસંયમી, પ્રવર્તિની પ.પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી

# લાભાર્થી પરિવાર સંઘવી શ્રી રતનશીં કુંવરજી લોડાયા
# હસ્તે સંઘમાતા માતુશ્રી દમયંતીબેન રતનશીં કુંવરજી લોડાયા- સહ પરિવાર
# સાંયરા-કચ્છ હાલે ઉજ્જૈન














રૂમ નં. ૩ શ્રી રતનશીં કુંવરજી લોડાયા સાંયરા હાલે ઉજજૈન પરિવાર વતી
હસ્તે સંઘમાતા માતુશ્રી દમયંતિબેન રતનશીં કુંવરજી લોડાયા સહપરિવાર
પ્રબોધ મુનવર, જયાબેન મુનવર, મહેન્દ્ર લોડાયા, ખમાબેન લોડાયા તથા વર્ધમાનનગરમાં રહેતા
સાંયરા ગામ વાસીઓએ રૂમને ખુલ્લું મુક્યું હતું.

## કે.ડી.ઓ. ભવન રૂમ નં. ૪ ના દાતાશ્રી

પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતશ્રીનાં સુશિષ્યા પ.પૂ. સાધ્વી ભગવંત શ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના સુશિષ્યા
દીર્ઘસંયમી, પ્રવર્તિની પ.પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી

## લાભાર્થી પરિવાર
## સંઘમાતા માતુશ્રી દમયંતીબેન રતનશીં કુંવરજી લોડાયા
## હસ્તે સંઘવી શ્રી રતનશીં કુંવરજી લોડાયા- સહ પરિવાર
## સાંચરા-કચ્છ હાલે ઉજ્જૈન














**રૂમ નં. ૪ સંઘમાતા માતુશ્રી દમયંતિબેન રતનશીં કુંવરજી લોડાયા સહપરિવાર સાંચરા હાલે ઉજજૈન વતી હસ્તે સંઘવી શ્રી રતનશીં કુંવરજી લોડાયા સહપરિવાર વર્ધમાનનગરમાં રહેતા સાંચરા ગામવાસી પરિવારો તથા સાંચરાની નિયાણીબહેનોએ રૂમને ખુલ્લું મુક્યું હતું.**

## કે.ડી.ઓ. ભવન ઓફિસ કાર્યાલય ના દાતાશ્રી

### અજોડ શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ના
### ૨૫ માં વર્ષીતપની અનુમોદનાર્થે સાહેબજીની પાવન પ્રેરણાથી લાભાર્થી પરિવાર

# શ્રી દિપકભાઈ પુનશી દેવશી લોડાયા- જખૌ-મુલુન્ડ (પૂર્વ)
# હસ્તે અ.સૌ. ડો. વિરલ દીપ લોડાયા-સાંધવ,
# અ.સૌ. ધારિણીબેન દિપકભાઈ લોડાયા-જખૌ














**ઓફિસ કાર્યાલય શ્રી દિપકભાઇ પુનશીં દેવશી લોડાયા જખૌ–મુલુંડ (પૂર્વ) હસ્તે અ.સૌ. ડો. વિરલ દીપ લોડાયા સાંધવ, અ.સૌ. ધારિણીબેન દિપકભાઇ લોડાયા જખૌ વતી શ્રી સોમચંદભાઇ લોડાયા, પ્રવિણભાઇ લોડાયા, ગોવિંદજી પટેલ તથા વર્ધમાનનગરમાં રહેતા જખૌ ગામવાસી પરિવારોએ ખુલ્લું મુક્યું હતું.**

# વર્ધમાનનગરે વાજતે-ગાજતે કે.ડી.ઓ.ભવન ખુલ્લું મુકાયું

પ.પૂ. ઉપાધ્યાયશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. આ પાવન પ્રસંગને નિશ્રા આપવા વર્ધમાનનગરે પધાર્યા હતા. વર્ધમાનનગર અચલગચ્છ ઉપાશ્રયેથી પૂ. ઉપાધ્યાય શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા., પૂ. પ્રવર્તક શ્રી મત્સ્યસાગરજી મ.સા., પૂ. મુનિરાજશ્રી રત્નાકરસાગરજી મ.સા. વાજતે ગાજતે કે.ડી.ઓ. ભવન પધારેલ. અને નવી સમાજવાડી કે.ડી.ઓ. ભવન પ્રવેશ દ્વારે વાસક્ષેપ કરેલ. ત્યાર બાદ માંગલિક શ્રવણ કરાવતાં વર્ધમાનનગરમાં કે.ડી.ઓ. ભવન નિર્માણ કાર્યની પ્રશંસા કરી દાતાશ્રીઓ તથા કાર્યકરોની નિષ્ઠાને બિરદાવેલ.

શ્રીમતિ જયાબેન મુનવર, અમીતા જૈન, હર્ષા શાહ તથા માલતી ડાઘાએ નવકારમંત્ર અને સ્વાગત ગીત રજુ કરેલ. બાલીકાઓ જીયા મુનવર, હેનીકા ખોના, સુહાની સાયલા, હીર નાગડાએ સ્વાગત ડાન્સ રજુ કર્યું હતું.

અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈનસંઘનાં ઉપપ્રમુખ શ્રી ચીમનભાઈ મેઘજી મોતાએ કે.ડી.ઓ. ભવન ઉદ્ઘાટન સમારોહનું અધ્યક્ષ પદ શોભાવ્યું હતું. જયારે અતિથિવિશેષપદ શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વે. જૈન સંઘ પ્રમુખ શ્રી ભાવેશભાઈ હિંમતલાલ વોરા, પ્રવિણભાઈ હંસરાજ લોડાયા, દાતાશ્રી પરિવારનાં શ્રી મનીષભાઈ ભવાનજી લોડાયા (ચાલીસગામ), સોમચંદભાઈ લોડાયા, મણિલાલભાઈ આર. શાહ, પ્રિતિબેન મોમાયા, વર્ધમાનનગર ચાર્તુમાસનાં મુખ્યદાતાશ્રી અરવિંદભાઈ વોરા, વર્ધમાનનગર પ્રમુખ રાહુલભાઈ મહેતા, મંત્રી હસમુખભાઈ વોરા, વર્ધમાનનગર સરપંચ રોનીત શાહ, કચ્છ એકમનાં પ્રમુખ મહેશભાઈ લાલકા, મંત્રી લહેરચંદભાઈ ખોના, શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનાં શ્રી ગોવિંદજી પટેલ, કોઠારા મહાજનનાં પ્રમુખ નલીનભાઈ અજાણી, સિંધોડી મહાજનશ્રીનાં શ્રી ભરતભાઈ બી. લોડાયા, શ્રી દિનેશ આર. શાહ, રાપરગઢવારી મહાજનશ્રીનાં કલ્પેશભાઈ મોતા, પી.પી. ઓઈલ મીલના પ્રતાપભાઈ ધરમશી, કોઠારા જી.ટી. હાઈસ્કુલના પૂર્વ આચાર્ય શ્રી પ્રભાતસિંહ જાડેજાએ શોભાવ્યું હતું.

પ્રારંભે મંચસ્થ સર્વે મહાનુભવોના વરદ્ હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવેલ. સ્વાગત પ્રવચન કરતાં ભુજ મહાજન પ્રમુખ પ્રબોધ મુનવરે સર્વે મહેમાનોને મીઠડો આવકાર આપેલ.

કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગરનાં મુખ્ય દાતાશ્રી માતુશ્રી દેવકુંવરબેન ડો. મેઘજી વેલજી પરિવાર વતી ઉપસ્થિત રહેલા અને ચાલીશર્ગાવથી ખાસ પધારેલા મનીષભાઈ ભવાનજી લોડાયા, મંજુ–લક્ષ્મી વિવિધ લક્ષી હોલના દાતાશ્રી સોમચંદભાઈ વેલજી લોડાયા, મણિલાલભાઈ રાયચંદ શાહ રૂમ નં. ૨ ના દાતાશ્રી પ્રિતિબેન મોમાયાનું શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ તથા વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ વર્ધમાનનગર દ્વારા બહુમાન કરવામાં આવેલ.

રૂમ નં. ૧ ના દાતાશ્રી હરીશભાઈ એન. ધરમશી–સુથરી–કચ્છ, રૂમ નં. ૩ ના દાતાશ્રી રતનશીં કુંવરજી લોડાયા સહપરિવાર–સાંયરા–કચ્છ હાલે ઉજ્જૈન, રૂમ નં. ૪ નાં દાતાશ્રી સંઘમાતા દમયંતિબેન રતનશીં કુંવરજી લોડાયા સહપરિવાર સાંયરા–કચ્છ હાલે ઉજ્જૈન ઓફિસનાં દાતાશ્રી દિપકભાઈ પુનશીં લોડાયા જખૌ–મુલુન્ડ (ઈસ્ટ) ની અંતરની ભાવનાંઓને બિરદાવવામાં આવેલ.

મંચસ્થ સર્વે મહાનુભાવોનું હારતોરાથી સ્વાગત કરવામાં આવેલ. તેમજ તેમની ઉપસ્થિતિને આવકારવામાં આવેલ.

મુખ્યદાતાશ્રી પરિવાર વતી શ્રી મનીષભાઈ લોડાયાએ જણાવ્યું હતું કે, બહુ સરસ અને અનુમોદનીય કાર્ય થયું છે. ટૂંકા ગાળામાં થયેલા નિર્માણકાર્યની પ્રશંસા કરી હતી.

શ્રી સોમચંદભાઈ લોડાયાએ જણાવ્યું હતું કે, વર્ધમાનનગરમાં રહેતા પરિવારોનું સ્વપનું સાકાર થયું છે. બહુ યાદગાર કાર્ય થયું છે.

શ્રી મણિલાલભાઈએ કે.ડી.ઓ. ભવન કાર્યને બિરદાવી સમગ્ર ટીમ દ્વારા થયેલ કાર્યની અનુમોદના કરી ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રિતિબેન મોમાયાએ જણાવ્યું હતું કે, જ્યાં જરૂરત હતી ત્યાં જરૂરી કાર્ય સફળતાપૂર્વક પરિપૂર્ણ થયું છે. સૌનો સાથ મળ્યો અને વર્ધમાનનગરમાં કે.ડી.ઓ. ભવન બન્યું. સમગ્ર સમાજ માટે ખુશીની ઘડી છે.

ભાવેશભાઈ વોરાએ વર્ધમાનનગર વસાહતમાં કે.ડી.ઓ. ભવનના નિર્માણ કાર્યની પ્રશંસા કરી હતી. હસમુખભાઈ વોરાએ વર્ધમાનનગરમાં જે સત્કાર્યો થઇ રહ્યા છે. અને સમાજની જરૂરીયાત પરિપૂર્ણ થઇ રહી છે ત્યારે કે.ડી.ઓ. ભવન નિર્માણ કાર્ય અંગે ખુશી વ્યક્ત કરી હતી.

લહેરચંદભાઈ ખોનાએ વર્ધમાનનગરમાં રહેતા પરિવારો માટે થયેલ સુકાર્યની પ્રશંસા કરી હતી. અને સૌ કાર્યકરોની મહેનતને બિરદાવી હતી.

દીનેશભાઈ આર. શાહે જણાવ્યું હતું કે, ટૂંકા ગાળામાં નિર્માણ પામેલો કે.ડી.ઓ. ભવન સૌને ખૂબ જ ઉપયોગી બની રહેશે.

સમારંભ અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતાં શ્રી ચીમનભાઈ મોતાએ જણાવ્યું હતું કે, વર્ધમાનનગરમાં મીની અબડાસા નિર્માણ પામ્યું છે. ત્યારે અહીં રહેતા પરિવારો અબડાસાનાં આપણા ગામો સાથે સતત જોડાયેલા રહેશે. અબડાસાથી નજીકમાં હોવાથી પોતાના ગામો સુધી પણ પહોંચી શકશે. આ બહુ જ સુંદર પ્રયત્ન છે. કે.ડી.ઓ. ભવનનું નિર્માણ કાર્ય સફળ બન્યું છે. દરેક ને ખૂબ જ ઉપયોગી નીવડશે.

કે.ડી.ઓ. ભવન માટે મકાન લેવાયું અને માત્ર ચાર મહિનામાં તેને દરેક વ્યવસ્થાઓથી સજ્જ બનાવવામાં આવ્યું. આ કે.ડી.ઓ. ભવનને સુશોભિત બનાવવા જેણે રાત-દિવસ એક કર્યા તેવા પિતા-પુત્રની જોડી મહેન્દ્ર પદમશીં લોડાયા અને ફેનીલ મહેન્દ્ર લોડાયાની સેવાઓને બિરદાવવામાં આવેલ.

વર્ધમાનનગરમાં કે.ડી.ઓ. ભવન બને એ માટે સતત પ્રયત્નો કરી કાર્યને સફળતા તરફ લઈ જનારા પ્રબોધ મુનવરનું શ્રી વર્ધમાનનગર કે.ડી.ઓ. જૈન ટ્રસ્ટ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જયારે આભાર દર્શન શ્રી હીરાચંદ છેડાએ કરેલ. અનુદાન એકઠું કરવા દાતાશ્રીઓનો સંપર્ક કરનાર સોમચંદભાઈ લોડાયા પ્રબોધ મુનવર, મહેન્દ્ર લોડાયા, રાહુલ દંડ, હરીશ લોડાયા, હીરાચંદ છેડા, ગુણવંતીબેન મોતાની ખાસ અનુમોદના કરવામાં આવેલ.

પ્રબોધ મુનવર, મહેન્દ્ર લોડાયા, હરીશ લોડાયા, દિલીપ મોતા, હીરાચંદ છેડા, તુષાર જૈન, રાહુલ દંડ, વિનય હેફા, અમીતા જૈન તથા કાર્યકર ભાઈ-બહેનોએ સતત જહેમત ઉઠાવી સમગ્ર આયોજનને સફળ બનાવેલ.

બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા આરીખાણા માતુશ્રી કસ્તુરબાઈ રાયચંદ છેડા કોઠારા તથા માતુશ્રી દેવકાબાઈ નેણશીં ધરમશી કોઠારા પરિવારો દ્વારા યોજાયું હતું.

રાત્રે સંગીતની રમઝટ સાથે ભાવના શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન યુવક મંડળ દ્વારા દાતાશ્રી અ.સૌ. કલ્પનાબેન સોમચંદભાઈ લોડાયા પરિવાર દ્વારા યોજાઈ હતી. આશિષ શાહ તથા દુલારી મુનવરે ભાવનામાં સ્તવનોની રમઝટ જમાવેલ. ભાવના બાદ સૌ દાંડીયારાસ રમ્યા હતા.

આમ દાતાશ્રીઓનાં સહયોગથી વર્ધમાનનગરે કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિની મહાજનવાડી કહો કે અતિથિગૃહનું સ્વનું સાકાર થયું છે. સમગ્ર પરિવારોમાં ખુશીની લહેર જોવા મળી હતી. સૌએ એક બીજાને વધાઈ આપી હતી. ભુજ અને વર્ધમાનનગરમાં રહેતા સર્વે કે.ડી.ઓ. પરિવારો માટે આ ખૂબ જ ઉપયોગી કાર્ય થયું છે.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.નાં આવેલ શુભાર્શિવાદનાં શુભેચ્છા સંદેશાઓનું વાંચન કરવામાં આવેલ.

અચલગચ્છ જૈન સંઘ ભુજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ દામજી શાહ તથા ક.વિઓ. જૈન મહાજનશ્રી ભુજનાં અધ્યક્ષ શ્રી જીગરભાઈ તારાચંદ છેડાએ પણ આ કાર્યને બિરદાવી શુભેચ્છાઓ પાઠવેલ.

વિરચંદભાઈ ધરમશી, દિનેશ અજાણી, મણીલાલભાઈ ધરમશી, પ્રદિપ ખોના, રાજેશ લોડાયા (ભાડુંપ), રાજેન્દ્ર વી. શાહ, અનીલ વી. શાહ, નિરંજન લોડાયા, કેતન લોડાયા, અનીલ ડાઘા, મહેશભાઈ લોડાયા, ધનપતિ લોડાયા, ખુશાલ લોડાયા, અશોક મૈશેરી, સુરેશભાઈ વિકમશી, કાન્તીભાઈ પોલડીયા, દીપાબેન લાલકા, ઉદય વિકમશી, જવેરચંદ ખોના, ખુશાલભાઈ મૈશેરી, પ્રફુલ્લભાઈ નાગડા, રમેશભાઈ ખોના, કલ્યાણજીભાઈ ડાઘા, દામજીભાઈ મૈશેરી, તારાચંદ મૈશેરી, અનીલભાઈ લાપસીયા, મુલચંદ મુનવર, નયન મૈશેરી, નેમીન ખોના, ચેતન ખોના, કૃણાલ ડાઘા, વિનય મૈશેરી, બિરેન નાગડા, પિયુષ લાલકા, દિલીપ ટી. લોડાયા, જયેશ મૈશેરી, દિપક લાલન, ભુપેશ શાહ, નિમેશ શાહ, કિરીટ શાહ, અતુલ શાહ, દર્શક શાહ, પનુભા ધલ તથા અબડાસા ગામોથી જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભને સફળ બનાવવા મહેન્દ્ર લોડાયા, ફેનીલ લોડાયા, તુષાર જૈન, નીરવ મોતા, હિમાન્સુ મોતા, પંકજ નાગડા, ધવલ છેડા, હર્ષ છેડા, દિપેશ મુનવર, જીગેશ મુનવર, દિલીપ સાયલા, અભય ધરમશી, હિતેશ ધરમશી, હેમંત મોમાયા, હરેશ મૈશેરી, રાકેશ ધરમશી, રાહુલ સાયલા, પિયુષ સોની, દીવેશ મુનવર તથા યુવક મંડળ, મહિલા મંડળનાં સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવી કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા.

# વર્ધમાનનગર મધ્યે કે.ડી.ઓ. ભવન ઉદ્ઘાટન કાર્યક્રમ

















# વર્ધમાનનગર મધ્યે કે.ડી.ઓ. ભવન ઉદ્‌ઘાટન કાર્યક્રમ

















# વર્ધમાનનગર મધ્યે કે.ડી.ઓ. ભવન ઉદ્ઘાટન કાર્યક્રમ

















# વર્ધમાનનગર મધ્યે કે.ડી.ઓ. ભવન ઉદ્‌ઘાટન કાર્યક્રમ






















# વર્ધમાનનગર મધ્યે કે.ડી.ઓ. ભવન ઉદ્‌ઘાટન કાર્યક્રમ



















## કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છની ખૂટતી કડીઓ પુરવા વિનંતી છે.

• હીરક દાતાશ્રી રૂા. ૧,૦૮,૦૦૦ • ગોલ્ડન દાતાશ્રી રૂા. ૫૪,૦૦૦ • સિલ્વર દાતાશ્રી રૂા. ૨૭,૦૦૦ • આધાર સ્થંભ દાતાશ્રી રૂા. ૧૧,૦૦૦

ઉપરોક્ત યોજનાનો લાભ લેનાર સર્વે દાતાશ્રીઓનો ખૂબ–ખૂબ આભાર.

ઉપરોક્ત યોજનાઓનો લાભ લેવા સર્વે દાતાશ્રીઓને વિનંતી છે. નામો તકતી ઉપર અંકિત કરવામાં આવશે. કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગરની ખૂટતી કડીઓ પૂરવા સર્વે દાતાશ્રી પરિવારો અને શ્રેષ્ઠીવર્યોશ્રીને વિનંતી છે. કચ્છ આવવાનું થાય ત્યારે કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર–કચ્છની જરૂરથી મુલાકાત લેશોજી. હજુ ભોજનશાળા, આરાધનાભવનનું નિર્માણ કાર્ય હાથ ધરવાનું છે. તેમજ વર્ધમાનનગરમાં વસતા સાધર્મિક બંધુઓ માટે આવાસ યોજના હાથ ધરવી છે. સૌનાં સાથ–સહકાર–સહયોગની અપેક્ષા સાથે આભાર...

**૧. ટ્રસ્ટનું નામ તથા બેંકની સંપૂર્ણ વિગત આ સાથે મોકલાવી આપેલ છે.**

A/c Name : Shri vardhmannagar kutchchi Dasa Oswal Jain Trust
Bank Name : The Cosmos Co-Op Bank Ltd. Bhuj-kutchh.
A/c No. 053100108808 - IFSC CODE : COSB0000053

**૨. ટ્રસ્ટનું નામ તથા બેંકની સંપૂર્ણ વિગત આ સાથે મોકલાવી આપેલ છે.**

A/c Name : Shri vardhmannagar kutchchi Dasa Oswal Jain Trust
Bank Name : Kotak Mahindra Bank Bhuj-kutchh.
A/c No. 9879600868 - IFSC CODE : KKBK0000847

## કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છનાં સર્વે દાતાશ્રીઓનો ખૂબ-ખૂબ આભાર

- કે.ડી.ઓ. ભવન મુખ્ય દાતાશ્રી, વિવિધ લક્ષી હોલ, રૂમો, ઓફિસ સર્વેના દાતાશ્રીઓ.
- પ્રેરણા અને શુભાશિર્વાદ પાઠવનાર સર્વે ગુરૂભગવંતશ્રીઓ શ્રમણ–શ્રણીવૃંદનાં અમો ઋણી છીએ. કે જેઓએ પ્રેરણા આપી અને વર્ધમાનનગરમાં કે.ડી.ઓ. ભવન નિર્માણ પામ્યું.
- દાતાશ્રી પરિવારો, આમંત્રિતો, મહેમાનો, આગેવાનો, સમાજવાસીઓ, ભુજ, માધાપર, માનકુવા, વર્ધમાનનગરનાં સમાજવાસીઓ તથા કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગરનાં નિર્માણ કાર્યમાં સાથ–સહકાર અને સહયોગ આપનાર સર્વેનાં અમો આભારી છીએ.

- શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ
અને વર્ધમાનનગર ક.દ.ઓ. જૈન ટ્રસ્ટ વર્ધમાનનગર-કચ્છ

# વર્ધમાનનગર-કચ્છ એટલે મીની અબડાસા

ભુજ નજીક ભુજથી માત્ર ૭ કિ.મી. ના અંતરે વર્ધમાનનગર-કચ્છ વસેલું છે. જ્યાં કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનાં ૭૭ પરિવારો રહે છે. જેની કુલ્લ જણ સંખ્યા ૨૩૦ છે. આવા વર્ધમાનનગર મધ્યે કે.ડી.ઓ. ભવનની ખાસ જરૂર હતી. કારણ કે, અહીં મીની અબડાસા વસેલું છે.

અબડાસાનાં ગામોનાં ઘણાં બધા પરિવારો અહીં આવીને સેટ થયા છે. હજુ પણ આપણી જ્ઞાતિનાં પરિવારોની સંખ્યા વધતી જાય છે. આ વર્ધમાનનગરમાં એકજ જગ્યાએ માત્ર અડધા કિલોમીટરથી પણ ઓછા અંતરમાં જ્ઞાતિનાં ૭૭ ઘરો આવેલા છે. બધા પરિવારો નજીક-નજીક રહે છે. આ સુંદર-સોહામણું સ્વચ્છ નગર છે. દરેક સુવિધાઓથી સજ્જ આ નગરમાં હજુ પણ વધુને વધુ જ્ઞાતિ પરિવારો પોતાનું મકાન લઈ ને કે, ભાડે મકાનમાં અહીં રહેવાનું વધુ પસંદ કરે છે. અહીં આવેલા પરિવારો પ્રસંગોપાત તેમજ વાર-તહેવાર અને જ્યારે જરૂર પડે ત્યારે પોતાનાં અબડાસાનાં ગામો સુધી પહોંચી જાય છે. આમ અબડાસાનાં આપણાં ગામોનાં સતત સંપર્કમાં રહે છે. કોઈપણ કામ હોય ત્યારે માત્ર દોઢ કલાકમાં પોતાનાં ગામ સુધી પહોંચી જાય છે. આવા પરિવારો કચ્છમાં રહ્યા છે. અને આપણી વસ્તીપણ અહીં ટકી છે. આવા વર્ધમાનનગરમાં લાંબા સમયથી અતિથિગૃહ કે સમાજવાડીની જરૂરત હતી. જે સ્વપ્નું માત્ર ૪ મહિનાની અંદર સાકાર થયું છે. અને તા. ૨૭-૭-૨૦૨૫ રવિવારે સવારે ૯-૧૫ કલાકે કે.ડી.ઓ. ભવન સમાજવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં વાજતે-ગાજતે ખુલ્લું મુકાયું છે.

પૂજ્ય ગુરૂભગવંતોની પ્રેરણા અને નિશ્રા મળી. દિલેરી દાતાશ્રીઓનું દાન મળ્યું. સૌની મહેનત રંગ લાવી. શ્રેષ્ઠીવર્યો, દાતાશ્રીઓએ પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. નાના-મોટા અનુદાનથી આખરે વર્ધમાનનગર વાસીઓનું કે.ડી.ઓ. ભવન, મહાજનવાડી કહો કે, સમાજવાડીનું સ્વપનું સાકાર થયું છે. હજુ પણ દાતાશ્રીઓ ખૂટતી કડી પૂરી રહ્યા છે. સાથ-સહકાર-સહયોગ આપી રહ્યા છે. હજુ પણ અહીં જ્ઞાતિજન પરિવારો માટે ઘણું બધું કરવાનું છે. જેથી આપણી જ્ઞાતિની વસ્તી અહીં ટકી શકે.

કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર સામે ભોજનશાળા-ઉપાશ્રય માટે પ્લોટ સાથે જુનું મકાન લેવાઈ ગયું છે. દાતાઓનો સહયોગ પ્રાપ્ત થયે ભોજનશાળા તથા ઉપાશ્રયનું નિર્માણ અહીં કરવાનું છે. અત્યારે ૭૭ પરિવારો માંથી ૨૩ પરિવારો પાસે પોતાનાં મકાન નથી. ભાડે મકાનોમાં રહે છે. તેમજ મકાન ભાડું ભરી શકતા નથી. જેથી આવા પરિવારોને શિરછત્ર મળે, પોતાનું મકાન મળે તો અહીં જ્ઞાતિ પરિવારો કાયમી સેટ થઈ શકશે. આ માટે પણ વિચારવું જરૂરી છે.

અબડાસા મૂકીને વર્ધમાનનગરમાં વસેલા પરિવારોને શિરછત્ર મળે, પોતાનું મકાન થાય તો તેઓ કાયમી ભાડા ભરવામાંથી મુક્ત થાય. આવા પરિવારો માટે વર્ધમાનનગરમાં પોતાનું મકાન હોવું જરૂરી છે. જેથી કચ્છમાં આપણી જ્ઞાતિની વસ્તી અહીં ટકી જશે. ભુજ અને ભુજ વિસ્તારમાં નોકરીયાત વર્ગનાં પગાર ધોરણ ખૂબ નીચા છે. એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિમાં છે. માસિક ૧૦ થી ૧૨ હજાર પગાર ધરાવતા આવા પરિવારો ૪ થી ૫ હજાર મકાન ભાડું ભરે છે. તો પછી ઘર કેમ ચાલે ? જ્ઞાતિનાં આવા પરિવારોને હવે જ્યાં મીની અબડાસા વસ્યું છે ત્યાં સેટ કરવા જરૂરી છે. વર્ધમાનનગરમાં આટલી મોટી સંખ્યામાં જ્યારે સમાજનાં પરિવારો વસે છે ત્યારે આવા પરિવારોને શિરછત્ર મળે એ સમયની માંગ છે. કચ્છનાં આપણી વસ્તી વાળા ગામોમાં વસ્તી ટકાવી રાખવા આપણે સૌએ વર્ષોથી પ્રયત્નો ચાલુ રાખ્યા છે. જે ચાલુ રાખવા જોઈએ. સાથે સાથે જે પરિવારો હવે મીની અબડાસા વર્ધમાનનગર-કચ્છમાં રહે છે તેમનાં માટે પણ વિચારવું જોઈએ. જેથી આવા પરિવારો અહીં વસવાટ કરી પોતાનાં અબડાસાનાં ગામોનો પણ ખ્યાલ રાખી શકે. આપણી જ્ઞાતિની વસ્તી વર્ધમાનનગર,ગાંધીધામ,મુન્દ્રામાં વધી છે. ત્યારે આ વસ્તી કચ્છમાં કાયમી ટકી રહે તેવા પ્રયત્નો સૌને હાથ ધરવા પડશે. આવા એક-એક પરિવારને બેઠા કરવા પડશે. સાધર્મિક બંધુની સેવા આપણું પ્રથમ કર્તવ્ય છે. ત્યારે કચ્છમાં હવે જે પરિવારો વસે છે જેમની પાસે પોતાનું ઘરનું ઘર નથી તેવા પરિવારો માટે સમાજવાસીઓએ આગળ આવવું પડશે. અને આપણા આવા જે પરિવારો છે તેમની પણ જવાબદારી નિભાવવી પડશે. ગુરૂભગવંતોની પ્રેરણા અને આશિર્વાદ તથા દાતાશ્રીઓ, શ્રેષ્ઠીવર્યોનું અનુદાન આવા પરિવારોને કાયમી શિરછત્ર અપાવી શકશે.

**સંપર્ક નંબર : સર્વે ટ્રસ્ટીગણના બહુમાન પૂર્વક વંદન**

- પ્રબોધ હીરાચંદ મુનવર મો. ૯૯૨૫૧૬૯૮૭૬
- મહેન્દ્ર પદમશી લોડાયા મો. ૯૩૧૫૬૫૦૬૭૯
- દિલીપ રતનશીં મોતા મો. ૯૪૨૭૨૪૯૫૪૯
- હીરાચંદ લક્ષ્મીચંદ છેડા મો. ૯૮૭૯૩૫૭૨૪૬
- તુષાર મણીલાલ જૈન મો.૯૮૭૯૬૦૦૮૬૮
- હરીશ શીવજી લોડાયા મો.૯૯૭૯૧૯૮૮૯૯
- રાહુલ બીપીન દંડ મો. ૯૯૭૮૭૯૦૧૬૯
- વિનય લધુભાઈ હેફા મો. ૯૯૭૮૩૨૩૬૦૭,
- અમીતા તુષાર જૈન મો. ૯૯૨૫૨૨૬૨૪૮

# સંજીવની કેસ નં.૧૯૯ માટે જરૂરી ભંડોળ રૂા.૧ લાખ ક્રાઉડ ફંડિગ દ્વારા તત્કાળ જમા થઈ ગયા

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 199**

**DONATION CLOSED**

**Mr MEHUL KHIMJI DAND**

Age 32 Yrs., Dombivali , Manjal Reladia

**Diagnosed to have Bilateral secondary Lymphedema Has been operated for Microvascular Lymphnode Transfer surgery Now he has developed Chyluria . Hospitalised for Conservative management , Compression treatment with Heat Therapy.**



**DONATION CLOSED**

**Rs 1 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW  **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

મંજલ રેલડિયા ડોંબિવલીના ૩૨ વર્ષીય મેહુલ ખીમજી દંડ બાય લેટરલ સેકન્ડરી લિમ્ફેડેમા હોવાનું નિદાન ડોક્ટરોએ કર્યું. જે માટે જરૂરી એવી માઈક્રોવેસ્કલ્યુલર લિમ્ફનોડ ટ્રાંસફર સર્જરી માટે ઓપરેશન કરવામાં આવ્યું છે. હવે તેમને ચાયલ્યુરિયા થયો છે. કન્ઝર્વેટિવ મેનેજમેન્ટ, હીટથેરાપી સાથે કમ્પ્રેશન ટ્રીટમેન્ટ માટે હોસ્પિટલમાં એડમીટ છે. તેમની સારવાર માટે જરૂરી ખર્ચ રૂા.૧ લાખ માટે સમસ્ત મહાજનની મડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી જેને કેસ નં.૧૯૯ આપી ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું. જેને ઉદારજનો દ્વારા પ્રોત્સાહક પ્રતિસાદ મળતા તાત્કાલિક જરૂરી ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ થંભાવી દેવાયું.

આજ સુધી બે સદીને આંકડે પહોંચવા આવેલા એકેએક સંજીવની કેસ માટે વ્યક્તિ દાતાઓ, મહાજનો, એકમ, ટ્રસ્ટ, મંડળ ઈત્યાદિ સર્વે એ જે ઉદારભાવ દર્શાવી પરોપકાર ભાવના ચરિતાર્થ કરી માનવતા ધર્મને ઉજાગર કર્યો છે. જે માટે સર્વેને નત મસ્તક વંદન અને આત્મીય ભ્રાતૃભાવ દર્શાવવા બદલ સૌને અભિનંદન. સૌનો સાથ આ પ્રમાણે ભવિષ્યમાં મળતો રહેશે એવો વિશ્વાસ છે.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ, ડોમ્બિવલીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત મંડળના કાર્યાલયમાં. |
| ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | નામ નોધાવવાની છેલ્લી તારીખ મુબઈ મહાજન આયોજિત કાશ્મીર ટુર ડીસે-જાન્યુ. યોગેશ કુરૂવા-૮૮૭૯૩૨૪૦૦૫ |
| ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન/ શ્રી અનંતનાથ ટ્રસ્ટ/શ્રી કેડીઓ જૈન સંઘ ભાંડુપ દ્વારા આયોજિત ''માત પિતા તમને વંદન'' કાર્યક્રમ: મેવાડ હોલ, ભાંડુપ |
| ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ | સવારના ૯:૦૦થી ૧૨:૦૦ વાગ્યા મેવાડ કેસરી ભવન, ભાંડુપ |
| ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ..ઓ. મંડળ, ડોમ્બિવલી આયોજિત શ્રી મહાકાળી માતાજી ની ભાવના: હોરાનાઈઝન હોલ, ડોમ્બિવલી. |
| ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત સ્નેહ મિલન, સાધર્મિક ભક્તિ સહ તપસ્વીઓનું બહુમાન તથા આ વર્ષે નવી શૈક્ષણિક પદવી (ડીગ્રી) ઉપલબ્ધ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન હોરીઝોન હોલ, ડોમ્બિવલી. મો.નં. ૯૩૨૧૫૫૬૧૯૪ |
| ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાશિક રોડ સેવાભાવી જૈન સંઘ આયોજિત પ્રથમ સ્નેહમિલન દેવલાલી. |
| ૧૭ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાસિક રોડ જૈન સંઘ આયોજિત ચેત્ય પરિપાટી મહારાષ્ટ્ર-ગુજરાતના ૯ તીર્થ. |
| ૧૯ થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત ચૈત્ય પરિપાટી-ઉતર ગુજરાતના તીર્થ. મો.નં. ૯૮૩૩૧૪૬૦૪૭ |
| ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન યુવક મંડળ, બૃહદ ગાંધીધામ વિસ્તાર દ્વારા આયોજિત સાર્થક એકેડમીક એક્સીલન્સ એવોર્ડ ૨૦૨૫ સ્થળ: શ્રી અંબેમાતા હોલ, સેક્ટર ૪, ઓસ્લો. |
| તા.૯ નવેમ્બર ૨૦૨૫ | છેડા ગોત્ર પહેડી, સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ |

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# વાપી નગરે શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવનાની રમઝટ જામી

તા.૨૭ જુલાઈ રવિવારના રોજ વાપી નગરે અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપએ રમઝટ જમાવી ધર્મ ભક્તિ અને આરાધના કરી હતી. ઉપસ્થિત સૌ ભાવિક ભક્તજનો ધર્મ ધ્યાનમાં તરબોળ થઈ લાભ લીધો હતો.

# શ્રી ક.દ.ઓ. દેવલાલી નાસિક રોડ જૈન સંઘ દ્વારા સ્વાતંત્ર્ય દિવસ ઉજવણીનો કાર્યક્રમ

દેવલાલી સ્થિત સર્વે કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિજનોને અને નાસિક ક.દ.ઓ.જૈન સંઘ દ્વારા શુક્રવાર તા. ૧૫ મી ઓગસ્ટના સવારના ૯.૦૦ વાગે સ્વાતંત્ર્ય દિનના શુભ અવસરે ધ્વજવંદનનો કાર્યક્રમ કાસા બ્લેન્કા, લામ રોડ ખાતે પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. ધ્વજવંદન બાદ અલ્પાહારનો લાભ લેશોજી. એ દિવસે શિતલા સાતમ હોવાથી અલ્પાહારમાં સાતમ માટેની વાનગીઓની ખાસ વ્યવસ્થા રાખવામા આવેલ છે, જેની નોંધ લઈને આપના ઉપસ્થિતીની જાણ આ ગૃપના માધ્યમ થી કરવા નમ્ર નિવેદન. શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ વતી, પ્રમુખ શ્રી.મુકેશભાઈ જાદવજી ધરમશી દ્વારા કરાયું છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**


**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રેમીલાબેન લોડાયા**

તા.૨૯ જુલાઈ (ઉ.૭૫)

નલિયા-ઘાટકોપર



**હેમલભાઈ ખોના**

તા.૩૧ જુલાઈ (ઉ.૫૨)

રંગપુર-બોડેલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચદે 'ધૂની'

● કચ્છી યુવાન કેવલ હિરેન કક્કા ભારતની સર્વોચ્ચ અને વિશ્વની નંબરની સૌથી ઊંચી પર્વતમાળા માઉન્ટ કંચન જંગા સર કરી ઐતિહાસિક સિધ્ધિ મેળવી છે. આઠ હજાર મીટરથી ઉપરના આઠ શિખરો સર કરનાર કેવલ કક્કા પ્રથમ અને એકમાત્ર કચ્છી તેમજ મહારાષ્ટ્રનો પ્રથમ એકમાત્ર વ્યક્તિ બનવાનું માન મેળવ્યું છે. આવી સિધ્ધિ મેળવનાર તે ત્રીજો ભારતીય છે.

● કચ્છમાં સોલાર મારફત રહેણાંક અને વ્યવસાયિક મળી ૧૦૩ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે. ભુજ અને અંજાર સર્કલના રહેણાંક વિસ્તારમાં ૬૧.૩૨ અને જેડા મારફત થતી નોંધણીમાં ૪૨ મેગાવોટ વીજળી ઉત્પાદિત થઈ રહી છે. કચ્છમાં વિશ્વનો સૌથી મોટો સૌરઉર્જા પાર્ક નિર્માણ પામી રહ્યો છે. કચ્છમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ ભુજ અને અંજાર સર્કલમાં કુલ ૫.૧૮ લાખ જેટલા રહેણાંક વીજ જોડાણ નોંધાયેલા છે. તેમાંથી અત્યાર સુધી માત્ર ૧૫૨૦૫ રહેણાંક મકાનમાં સોલાર પેનલ લગાવી ૬૧.૩૨ મેગા વોટ વીજળીનું ઉત્પાદન મેળવાઈ રહ્યું છે. સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે. પણ કયાંકને કયાંક સોલાર પેનલ લગાવવાનો ખર્ચ આર્થિક રીતે નબળા પરિવાર વહન કરી શકતા ન હોવાથી અંતરિયાળ વિસ્તારમાં તેનું પ્રમાણ ઓછું જોવા મળી રહ્યું છે.

● જાયન્ટસ ગ્રુપ ઓફ અંજાર શક્તિ સહેલી દ્વારા કચ્છના કિડની ડાયાલિસીસ દર્દીઓ માટે એક નવતર કાર્યરત કંકુ છાંટી કંકોતરી લગ્નગીત હરીફાઈ યોજાઈ હતી. જેમાં કચ્છભરમાંથી સ્પર્ધકોએ હોંશથી ભાગ લીધો હતો. આદિપુરના પ્રભુ દર્શન ઓડિટોરીયમમાં યોજાયેલા કાર્યક્રમના જજ તરીકે ગાયિકા કાજલ ઓઝા અને સિંક્રો એકેડેમીના કૌશલ છાયાએ સેવા આપી હતી. પ્રતિયોગિતામાં ૧૦ વર્ષના બાળકોથી લઈ ૬૫ વર્ષની બહેનોએ પણ હોંશભેર ભાગ લીધો હતો. એકત્રિત થયેલા ભંડોળ કિડની ડાયાલિસીસીના દર્દીઓ માટે વપરાશે.

● માનવીના સ્વાસ્થ્ય જાળવણી માટે મેડિકલ કેમ્પ યોજાય એ તો ઠીક પણ બિલાડી માટે આરોગ્ય જાળવણી કેમ્પ યોજાય એ મુંબઈ માટુંગાના માહેશ્વરી ઉદ્યાનમાં આવો કેમ્પ યોજાયો. જેમાં ૭૦ બિલાડીઓને વેક્સિનેશનના ઈન્જેક્શન આપવામાં આવ્યાં હતાં. આ વિશિષ્ટ મેડિકલ કેમ્પનું આયોજન વિરલ મયંક ગોગરી અને તેની ટીમે કર્યું હતું. કર્તાહર્તા વિરલ ગોગરીએ જણાવ્યું હતું કે આ પ્રકારે પાંચ વર્ષથી કેમ્પનું આયોજન સ્વખર્ચે કરાતું આ વર્ષે દાતાઓનો સહયોગ મળ્યો છે. ૧૦૦ બિલાડીઓને રસીકરણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. ૭૦ બિલાડીઓ માહેશ્વરી ઉદ્યાનમાં રહે જ છે. ૨૦ બિલાડીઓ મારા ઘરે છે. સાત શ્વાન છે જેને પણ રસી અપાઈ હતી. જૂની બિલ્ડિંગ તૂટે એટલે રહેવાસીઓ પોતે મળેલી બિલાડીઓ ગાર્ડનમાં છોડી જાય. પોતે રોજ ગાર્ડનમાં જઈ કૂતરાઓને દૂધ રોટલી પેડીગ્રી ફૂડ ખવડાવે ગાર્ડનની બિલાડીઓને ખવડાવવા દવાનો ખર્ચ દર મહિને એક લાખ જેટલો થાય છે.

● હજયાત્રા માટે જનારા યાત્રીઓ હજ સફરની તૈયારીઓ કરી દીધી છે. આ વર્ષે કચ્છમાંથી ૬૫૦ હજયાત્રીઓ ગુજરાત હજ કમિટી મારફતે જશે. ગયા વર્ષે સમગ્ર ખર્ચ રૂા.૩.૭૦ લાખ થયેલ. જ્યારે આ વખતે રૂા.૩.૪૧ લાખ પ્રત્યેક યાત્રી દીઠ થશે. આ વર્ષે સમગ્ર ગુજરાતમાંથી ૧૧ હજાર યાત્રીઓ અમદાવાદથી અને ૪૦૦૦ હજાર મુંબઈથી હજની સફરે જશે. તેમને ૨૦-૨૦ કિલોની બે બેગ તથા સાત કિલો હેન્ડ બેગમાં છૂટછાટ અપાઈ છે. વળતાં એક હાજી દીઠ પાંચ લિટર ઝમઝમનું પવિત્ર પાણી કેનમાં અપાશે એવું કચ્છ હજ કમિટીના ટ્રેનર અંજારના રસિદભાઈ ખત્રીએ જાણકારી આપી હતી.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

720 Days

FIXED DEPOSIT

RATE OF INTEREST

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens

STAMP FRANKING
Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

www.arihantbank.com
@ Arihant Bank